બોલિવિયામાં ચલણી નોટો ભરેલું કાર્ગો પ્લેન ક્રેશ

૧૫નાં મોત, હાઈવે પર કરન્સીનો વરસાદ

અકસ્માત સ્થળે વેરવિખેર થયેલી નોટો એકઠી કરવા લોકો ઊમટી પડ્યા

રનવે પરથી ઉતરી વિમાન ખેતરમાં ખાબક્યું; ૧૫થી વધુ વાહનોનો કચ્ચરઘાણ

લા પાઝ (બોલિવિયા), તા. ૨૮ (એપી) - શુક્રવારે બોલિવિયાની રાજધાની પાસે પૈસા લઈ જઈ રહેલું એક કાર્ગો પ્લેન ક્રેશ થતાં હાઈવે પર લગભગ એક ડઝન વાહનોને નુકસાન થયું હતું, જમીન પર નોટો વેરવિખેર થઈ ગઈ હતી અને ઓછામાં ઓછા ૧૫ લોકોનાં મોત થયાં હતાં તેમજ અન્ય લોકો ઘાયલ થયા હતા. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

સંરક્ષણ પ્રધાન માર્સેલો સેલિનાસે જણાવ્યું હતું કે, હર્ક્યુલસ સી-૧૩૦ વિમાન નવી છપાયેલી બોલિવિયન ચલણી નોટો લઈ જઈ રહ્યું હતું ત્યારે તે રાજધાની લા પાઝને અડીને આવેલા શહેર અલ ઓલ્ટોના એરપોર્ટ પર લેન્ડ થયું અને રનવે પરથી ઊતરીને નજીકના ખેતરમાં જઈને પડ્યું હતું. અગ્નિશામકો વિમાનમાં લાગેલી આગને ઓલવવામાં સફળ રહ્યા હતા.

ફાયર ચીફ પાવેલ તોવારે જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા ૧૫ લોકોનાં મોત થયાં છે, પરંતુ તેમણે સ્પષ્ટતા કરી ન હતી કે મૃતકો વિમાનમાં હતા કે નજીકના હાઈવે પરની કારમાં.

સેલિનાસે દુર્ઘટનામાં કેટલા લોકો માર્યા ગયા છે તેનો આંકડો સ્પષ્ટ કર્યો ન હતો અને જણાવ્યું હતું કે, અકસ્માતનું કારણ તપાસવામાં આવી રહ્યું છે.

બોલિવિયન એરફોર્સના જનરલ સર્જિયો લોરાએ જણાવ્યું હતું કે, શુક્રવારે મોડી સાંજ સુધી વિમાનના છ ક્રૂ મેમ્બરોમાંથી બે મળ્યા ન હતા, તેમણે ઉમેર્યું કે વિમાન પૂર્વી શહેર સાન્ટા ક્રુઝથી આવી રહ્યું હતું.

સોશિયલ મીડિયા પરની તસવીરોમાં વિમાનના કાટમાળ, નાશ પામેલી કાર અને રસ્તા પર વિખરાયેલા મૃતદેહો જોવા મળ્યા હતા. તોવારના જણાવ્યા અનુસાર, ઓછાંમાં ઓછાં ૧૫ વાહનોને નુકસાન થયું હતું.

બોલિવિયન એરફોર્સનું આ વિમાન લા પાઝમાં પૈસા પહોંચાડી રહ્યું હતું અને સોશિયલ મીડિયા પરની તસવીરોમાં લોકો અકસ્માત સ્થળે વેરવિખેર થયેલી નોટો એકઠી કરવા દોડતા જોવા મળ્યા હતા, જ્યારે પોલીસ તેમને વિખેરવાનો પ્રયાસ કરી રહી હતી.

આંધ્ર પ્રદેશ: ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટથી ૨૧નાં મોત

વેટલાપાલેમ (આંધ્ર પ્રદેશ), તા. 28 (પીટીઆઈ): આંધ્ર પ્રદેશના મંત્રી કંદુલા દુર્ગેશના જણાવ્યા અનુસાર, શનિવારે અહીંના કાકીનાડા જિલ્લામાં ફટાકડાના યુનિટમાં થયેલા વિસ્ફોટમાં 21 લોકોનાં મોત થયાં છે અને અન્ય 8 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

મંત્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ ઘટનાસ્થળની મુલાકાત લે તેવી શક્યતા છે.

મંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ''જ્યાં સુધી મને જાણ છે ત્યાં સુધી અહીં (ઘટનાસ્થળે) 21 મૃતદેહો જોવા મળ્યા છે. અન્ય આઠ વ્યક્તિઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. યુનિટમાં આશરે 30 લોકો હતા.''

મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ''આ રાજ્યમાં થયેલો સૌથી મોટો વિસ્ફોટ છે. સંપૂર્ણ વિગતો હજી આવવાની બાકી છે. કોઈના બચવાની કોઈ શક્યતા નથી. કેટલાક લોકો સારવાર હેઠળ છે.''

મંત્રીએ ઉમેર્યું હતું કે, ''અધિકારીઓ આગ લાગવાના કારણની તપાસ કરી રહ્યા છે, જેના કારણે વિસ્ફોટ થયો હતો. તમામ કામદારો સમાજના ગરીબ વર્ગના છે. મુખ્યમંત્રી ચોક્કસપણે પરિવારોને મદદ કરવા અંગે નિર્ણય લેશે. પરંતુ અમે જીવ પાછા લાવી શકતા નથી.''

વિસ્ફોટ બપોરે 2 વાગ્યાની આસપાસ થયો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક મૃતકના નજીકના સંબંધીઓને પીએમએનઆરએફમાંથી 2-2 લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી, જ્યારે ઘાયલોને 50-50 હજાર રૂપિયા આપવામાં આવશે.

સાવધાન ! માર્ચથી મે દરમિયાન આકરા તાપમાનની આગાહી

ફેબ્રુઆરીમાં દેશમાં શીત લહેરના કોઇ દિવસો નોંધાયા નહીં

ગુજરાતમાં લૂના દિવસો વધશે

IMDની ચેતવણી: ફેબ્રુઆરીમાં વરસાદ ૨૫ વર્ષમાં સૌથી ઓછો, હવે હીટવેવ સામે તૈયાર રહેવું પડશે

નવી દિલ્હી, તા. 28(PTI): ભારતીય હવામાન વિભાગ (IMD) એ શનિવારે તેના માસિક પૂર્વાનુમાનમાં જણાવ્યું હતું કે, માર્ચ અને મે મહિનાની વચ્ચે દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતા વધુ હીટવેવ (લૂ)ના દિવસો રહેવાની શક્યતા છે.

આ વિસ્તારોમાં પશ્ચિમ રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, દક્ષિણ અને પૂર્વી મહારાષ્ટ્ર, પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ગંગાના મેદાની વિસ્તારો ધરાવતું પશ્ચિમ બંગાળ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને ઉત્તર કર્ણાટક તથા ઉત્તર તમિલનાડુના ભાગોનો સમાવેશ થાય છે.

IMDના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રાએ અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, માર્ચ-એપ્રિલ-મે (MAM) સીઝન દરમિયાન, હીટવેવની વધતી શક્યતા જાહેર આરોગ્ય, જળ સંસાધનો, વીજળીની માંગ અને આવશ્યક સેવાઓ માટે નોંધપાત્ર જોખમો ઊભા કરી શકે છે, જે ખાસ કરીને વૃદ્ધો, બાળકો, બહાર કામ કરતા શ્રમિકો અને ગંભીર બીમારી ધરાવતા વ્યક્તિઓ જેવા સંવેદનશીલ જૂથોને અસર કરી શકે છે. જો કે, માર્ચ દરમિયાન પૂર્વોત્તર અને પૂર્વ ભારત તેમજ પશ્ચિમ હિમાલય ક્ષેત્ર, મધ્ય અને દ્વીપકલ્પ ભારતના કેટલાક ભાગોને બાદ કરતાં દેશના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય અથવા સામાન્યથી ઓછું રહેવાની શક્યતા છે. દરમિયાન, ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક ભાગો, દક્ષિણ દ્વીપકલ્પ અને પૂર્વ કિનારાના વિસ્તારો સિવાય દેશના મોટાભાગના ભાગોમાં માર્ચ દરમિયાન સામાન્ય લઘુત્તમ તાપમાન રહેવાની શક્યતા છે.

કિમ જોંગે પોતાની ૧૩ વર્ષની પુત્રીને સ્નાઇપર રાઇફલ ભેટમાં આપી !

કિમ જોંગ પુત્રી કિમ જુ એને દેશના ભાવિ નેતા તરીકે તૈયાર કરી રહ્યા હોવાની વધેલી અટકળો

પ્યોંગયાંગ, તા. ૨૮: તમારી કિશોરવયની પુત્રીની વિશ લિસ્ટમાં કદાચ તમને જે એક વસ્તુ જોવાની અપેક્ષા ન હોય, તે છે સ્નાઇપર રાઇફલ.

પરંતુ, ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન દ્વારા તેમની 13 વર્ષીય પુત્રી કિમ જુ એ ને આ જ ભેટ આપવામાં આવી છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે એવી અફવાઓ તેજ છે કે કિમ તેને દેશના ભાવિ નેતા તરીકે તૈયાર કરી રહ્યા છે. ગયા શુક્રવારે કિમ જોંગ ઉન તેમની પુત્રી સાથે જોવા મળ્યા હતા, જ્યાં તેમણે સપ્તાહભર ચાલેલી સત્તાધારી પક્ષની બેઠક બાદ ટોચના સરકારી અને લશ્કરી અધિકારીઓને નવી સ્નાઇપર રાઇફલ્સ અર્પણ કરી હતી. આ બેઠક તેમના નેતૃત્વની ઉજવણી માટે યોજાઈ હતી. જુ એ, જેની ઉમર 12 થી 14 વર્ષની વચ્ચે હોવાનું માનવામાં આવે છે, તે પણ સ્નાઇપર રાઇફલની બેરલમાંથી નિશાન તાકતી જોવા મળી હતી. તેણીની સતત વધતી જતી જાહેર ઉપસ્થિતિએ એવી અટકળોને વેગ આપ્યો છે કે કિમ તેને ઉત્તર કોરિયાના આગામી સરમુખત્યાર તરીકે તૈયાર કરી રહ્યા છે.

પેજ 3

સાધ્વીમાંથી ફરી મોડર્ન બની મમતા કુલકર્ણી

મુંબઈ, તા. 28: એક જમાનામાં બોલિવૂડને હચમચાવી દેનારી અભિનેત્રી મમતા કુલકર્ણીનું નામ હિટ અભિનેત્રીઓની યાદીમાં સામેલ હતું. જોકે, અચાનક જ મમતા કુલકર્ણી ઇન્ડસ્ટ્રીમાંથી ગાયબ થઈ ગઈ અને પછી અચાનક જ મહાકુંભ મેળામાં કિન્નર અખાડાના મહામંડલેશ્વરના પદ પર જોવામાં આવી. મમતા કુલકર્ણીને હવે કિન્નર અખાડાના મહામંડલેશ્વરના પદ પરથી દૂર કરી દેવામાં આવી છે. તાજેતરમાં મમતા કુલકર્ણી કલર્સ ટીવીના રિયાલિટી શો 'લાફ્ટર શેફ સીઝન 3'ના સેટ પર જોવા મળી હતી. મોટા ભાગે ભગવા વસ્ત્રોમાં જોવા મળતી મમતા કુલકર્ણી ત્યાં રિયાલિટી શોમાં લાલ ચટક સાડી, ગળામાં રુદ્રાક્ષની માળા છોડીને સોનાનો હાર, સોનાની કમરપટ્ટી, કાનમાં લાંબા ગોલ્ડન ઝુમકા અને શિમરી મેકઅપમાં એકદમ અલગ જ અવતારમાં જોવા મળી હતી.

રાજપાલ યાદવે યુટ્યુબ ચેનલ લોન્ચ કરી

મુંબઈ, તા. 28: રાજપાલ યાદવ હાલમાં જ જેલમાં હતો અને આ દરમિયાન તે 9 કરોડના ચેક બાઉન્સ કેસમાં ફસાયો હતો. જોકે હવે જેલમાંથી બહાર છે અને ઘણા સિતારાઓએ તેમને મદદ કરી છે, પરંતુ અત્યારે તેમનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તેઓ એક જાહેરાત કરતો નજરે પડી રહ્યો છે. આ વીડિયોનું માનીએ તો રાજપાલ યાદવ એક નવી ઇનિંગ્સની શરૂઆત કરવા જઈ રહ્યા છે અને આ માટે તેઓ પોતાની એક યુટ્યુબ ચેનલ લોન્ચ કરી રહ્યા છે. રૂ. 9 કરોડના આ કેસ વચ્ચે રાજપાલ યાદવનો આ નિર્ણય ચોંકાવનારો છે. થોડા સમય પહેલાથી જ તેમની આર્થિક તંગીને લઈને ચર્ચાઓ થઈ રહી છે.

બોત્સ્વાનાથી વધુ ૯ ચિત્તાઓનું કુનો નેશનલ પાર્કમાં આગમન

કુલ સંખ્યા વધીને હવે 48 થઈ

શ્યોપુર (મધ્ય પ્રદેશ), તા. 28 (પીટીઆઈ): બોત્સ્વાનાથી એરલિફ્ટ કરીને લાવવામાં આવેલા નવ ચિત્તાઓ શનિવારે મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્કમાં પહોંચ્યા હતા અને તેમને એક વાડામાં છોડવામાં આવ્યા હતા. આ સાથે પુનઃપ્રવેશ કાર્યક્રમ હેઠળ ભારતમાં ચિત્તા કુળના આ શિકારી પ્રાણીઓની સંખ્યા વધીને 48 થઈ ગઈ છે.

મધ્ય પ્રદેશના એડિશનલ પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ (વાઈલ્ડલાઈફ) એલ. કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય વન મંત્રી ભૂપેન્દ્ર યાદવે છ માદા અને ત્રણ નર ચિત્તાઓને ક્વોરેન્ટાઈન માટે વાડામાં છોડ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચાર વર્ષની ચિત્તા વસ્તી પુનરુત્થાન યોજનાના ભાગરૂપે આફ્રિકાથી ચિત્તાઓની ત્રીજી બેચ દિવસ દરમિયાન ભારતીય વાયુસેના (આઈએએફ)ના વિમાન દ્વારા પહોંચી હતી.

તાલિબાનના ઉપર લડાકુઓ માર્યા ગયા: પાકિસ્તાન

પાકિસ્તાને અફઘાનની ૧૩૦ લશ્કરી ચોકીઓ નષ્ટ કરી, ૨૬ પર કબજો જમાવ્યો, ૧૬૩ ટેન્કોનો નાશ કર્યો

અફઘાન તાલિબાન સરકારે મંત્રણાની તૈયારી બતાવી

ઈસ્લામાબાદ, તા. ૨૮(PTI): પાકિસ્તાની સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે અફઘાન તાલિબાનના જવાનો અને તેમના સાથી આતંકવાદી જૂથો વિરુદ્ધ ચાલી રહેલા ઓપરેશનમાં અત્યાર સુધીમાં અંદાજે ઉપર તાલીબાન અને અન્ય જૂથોના લડાકુઓ માર્યા ગયા હોવાનું શનિવારે સામે આવ્યું છે. અફઘાન તાલિબાનના નુકસાન અંગે પ્રારંભિક માહિતી આપતા પાકિસ્તાનના માહિતી મંત્રી તરારે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૩૫૨ તાલિબાન કાર્યકરો માર્યા ગયા છે અને અન્ય ૫૩૫ ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે 'ઓપરેશન ગઝબ લિલ હક' દરમિયાન પાકિસ્તાની દળોએ ૧૩૦ લશ્કરી ચોકીઓ સંપૂર્ણપણે નષ્ટ કરી દીધી છે, જ્યારે અન્ય ૨૬ સરહદી ચોકીઓ પર કબજો જમાવ્યો છે. અફઘાન પક્ષે ૨,૬૦૦ કિમી લાંબી સરહદ પર એકસાથે ૫૩ સ્થળોએ હુમલો કર્યા બાદ પાકિસ્તાને 'ઓપરેશન ગઝબ લિલ હક' નામના કોડ-નેમ સાથે વ્યાપક વળતો પ્રહાર શરૂ કર્યો હતો. શુક્રવારે સાંજે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા આર્મી પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ જણાવ્યું હતું કે અફઘાન તાલિબાને પાકિસ્તાન અને આતંકવાદી સંગઠનો વચ્ચે પસંદગી કરવી પડશે.

અફઘાન યુદ્ધમાં ટ્રમ્પનું પાકિસ્તાનને સમર્થન

અફઘાનિસ્તાન સાથેના પાકિસ્તાનના યુદ્ધમાં મધ્યસ્થી કરવાની તૈયારી સાથે અમેરિકી પ્રમુખે શાહબાઝ અને મુનીરની પ્રશંસા કરી, પાકિસ્તાનના આત્મરક્ષણના અધિકારને ટેકો આપ્યો

ન્યૂયોર્ક/વોશિંગ્ટન, 28(PTI): પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વધતા તણાવ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તેમના પાકિસ્તાન સાથેના સંબંધો ખૂબ જ સારા છે અને તે દેશ ખૂબ જ સારું કાર્ય કરી રહ્યો છે. ટ્રમ્પે કહ્યું કે, હું (મધ્યસ્થી) કરીશ, પરંતુ મારે પાકિસ્તાન સાથે ખૂબ જ સારા સંબંધો છે, ખૂબ જ સારા. તમારી પાસે એક મહાન વડાપ્રધાન છે, તમારી પાસે ત્યાં એક મહાન જનરલ છે. તમારી પાસે મહાન નેતૃત્વ છે, આ બે એવા લોકો છે જેમને હું ખરેખર ખૂબ માન આપું છું, અને મને લાગે છે કે પાકિસ્તાન અત્યંત સારું કરી રહ્યું છે. પાકિસ્તાન અફઘાનિસ્તાન સામે ખુલ્લું યુદ્ધ છેડી રહ્યું છે અને શું તેઓ આ લડાઈ રોકવા માટે હસ્તક્ષેપ કરશે, તેવા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે આ નિવેદન આપ્યું હતું. રાજકીય બાબતોના અન્ડર સેક્રેટરી ઓફ સ્ટેટ એલિસન હુકરે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમણે શુક્રવારે પાકિસ્તાનના વિદેશ સચિવ આમના બલોચ સાથે વાત કરી હતી અને "પાકિસ્તાન અને તાલિબાન વચ્ચેના તાજેતરના સંઘર્ષમાં ગુમાવેલા જાનમાલ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. અમે પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છીએ અને તાલિબાનના હુમલાઓ સામે પાકિસ્તાનના આત્મરક્ષણના અધિકારને સમર્થન આપીએ છીએ.

બંગાળમાં SIR પછીની મતદારયાદીમાં ૬૬ લાખ નામો રદ થવાની શક્યતા

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળની 'પોસ્ટ-SIR' મતદાર યાદી પ્રસિદ્ધ કરી, પોતાના નામો જોવા SDO અને BDO કચેરીઓ પર લોકોની લાંબી કતારો

૫૮ લાખ નામો રદ થયા, હજી બીજા ૮ લાખ નામો રદ થઇ શકે, ઉપરાંત ૬૦ લાખ નામો ચકાસણીઆધીન કક્ષામાં

કોલકાતા, ૨૮ ફેબ્રુઆરી (PTI): ચૂંટણી પંચે શનિવારે પશ્ચિમ બંગાળની 'પોસ્ટ-SIR' મતદાર યાદી પ્રસિદ્ધ કરી છે, જેમાં દર્શાવવામાં આવ્યું છે કે ગયા વર્ષે નવેમ્બરથી શરૂ થયેલી આ કવાયત બાદ લગભગ ૬૬ લાખ નામો રદ થવાની શક્યતા છે, જ્યારે અન્ય ૬૦ લાખ નામોને 'પેન્ડિંગ' (under adjudication) રાખવામાં આવ્યા છે. એપ્રિલમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીમાં આ એક મોટો ફેરફાર છે.

અંતિમ પરંતુ અપૂર્ણ યાદીઓનું તબક્કાવાર પ્રકાશન એ ૧૧૬ દિવસની રાજ્યવ્યાપી કવાયતનું પરિણામ છે જે ૪ નવેમ્બરે શરૂ થઈ હતી, જ્યારે બૂથ-લેવલના અધિકારીઓએ ગણતરી માટેના ફોર્મ્સ વહેંચવાનું શરૂ કર્યું હતું. ૧૬ ડિસેમ્બરે પ્રસિદ્ધ થયેલી ડ્રાફ્ટ યાદીમાં મતદારોની સંખ્યા ૭.૬૬ કરોડથી ઘટાડીને ૭.૦૮ કરોડ કરવામાં આવી હતી, જેમાં મૃત્યુ, સ્થળાંતર, ડુપ્લિકેશન અને પત્તો ન મળવાના આધારે ૫૮ લાખથી વધુ નામો કાઢી નાખવામાં આવ્યા હતા. વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુનાવણી અને તપાસ બાદ વધુ આઠ લાખ નામો રદ કરવામાં આવતા, SIR-સંબંધિત કુલ ઘટાડો હવે ૬૬ લાખની આસપાસ પહોંચી ગયો છે. જોકે, ફોર્મ ૬ હેઠળ નવા નામો ઉમેરવા અને ફોર્મ ૭ હેઠળના વાંધાઓ પર પ્રક્રિયા ચાલુ હોવાથી આ આંકડામાં હજુ ફેરફાર થઈ શકે છે. ચૂંટણી પંચ (EC) ડ્રાફ્ટ રોલ્સમાં દૂર કરાયેલા 58 લાખ નામો ઉપરાંત અન્ય આશરે આઠ લાખ નામો કાઢી નાખે તેવી શક્યતા છે.

જાહેર નોટીસ



આથી જાહેર જનતાને જણાવવાનું કે, હું રાજુ દયારામ બુદ્યાણી, રહેવાસી : ૧૦૮, સિદ્ધી કોલોની, રામનગર, રાંદેર રોડ, સુરત મુકામે રહું છું. હમોને બે છોકરા છે, જેમાંથી ઉપરોક્ત દર્શાવેલ મારો મોટો પુત્ર નામે સંજય રાજુ બુદ્યાણી છે. જેના લગ્ન હિનાબેન જિતેન્દ્રભાઈ બચાણીની સાથે તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ થયેલ છે. ત્યારબાદ મારા મોટા પુત્ર અને તેની પત્ની યાને હિના સાથે મતભેદો થતા, હમોની વહુ ડિસેમ્બર-૨૦૨૩ના અરસામાં ઘર છોડી તેના પિયર મુકામે ચાલી ગયેલ છે અને હમોનો મોટો પુત્ર પણ ક્યાંક ચાલ્યો ગયો છે. તેમજ વર્ષોથી મારી વહુ તથા મારો દિકરો મારા કહેવામાં નથી અને તેઓ વારંવાર મનસ્વી રીતે વર્તન કરતા આવેલ છે અને તેઓ બંન્ને હાલ ક્યાં રહે છે તેની પણ હમોને જાણ નથી. ભવિષ્યમાં પણ મારો મોટો પુત્ર નામે સંજય રાજુ બુદ્યાણી તથા મારી વહુ હિનાબેન સંજય બુદ્યાણી કોઈપણ જાતનું ખોટું પગલુ ભરે તો તેની કોઈપણ જાતની જવાબદારી મારી રહેશે નહી. તેઓ મારાથી તમામ રીતે સ્વતંત્ર થઈ ગયેલા છે અને તેઓ સ્વચ્છીંદી જીવન વિતાવે છે. તેઓ મારા કહ્યામાં નથી અને તેઓની સાથે મારે કોઈપણ પ્રકારનાં સંબંધો રહ્યા નથી. મારી કોઈપણ સ્થાવર કે જંગમ માલ-મીલકતોમાં પણ તેઓ બંન્ને હું બેદખલ કરૂં છું. જેથી હવેથી કોઈપણ ઈસમોએ તેઓની સાથે કોઈપણ વ્યવહારો કરવા-કરાવવા નહી અને જો કરવા-કરાવવામાં આવશે તો તેની કોઈપણ જાતની જવાબદારી મારી રહેશે નહી અને તેઓએ પોલીસ અને કોર્ટ પ્રકરણોમાં સંડોવાવું પડશે અને અન્ય કોઈપણ ઈસમોએ કોઈપણ જાતની તર-તકરાર, દરદાવા કે કોઈપણ જાતની દખલગીરી હમો સાથે કરવી-કરાવવી નહી, અને જો કરવા કરાવવામાં આવશે તો તે આથી રદબાતલ ગણાશે સહી. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

ઓફીસ નં. ૧ તથા ૨, પહેલો માળ, અપનાદ્યાર શોપીંગ સેન્ટર, કસ્તુરબા કો.ઓ.હા. સોસાયટીની સામે, પાલનપુર પાટીયા, સુરત. મો. ૮૨૦૦૦ ૭૨૨૨૫.

અમારી મારફત **ચિરાગ પી. બુધ્ધદેવ** એડવોકેટ

વેચવાનું છે

વાહન ટેમ્પો (સ્ક્રેપ, RTO રજીસ્ટ્રેશન કેન્સલ) જુનો લોખંડ ભંગાર ટેન્ડરની શરતોને આધીન વેચવાનું છે. બંધ કવરમાં ભાવ આપવાના રહેશે.
સ્થળ - યેજનાથ ખેતી ફાર્મ

પ્રમુખશ્રી
સુરત જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સ.સં.લિ.
સાત્વિક બેકરી કેમ્પસ, મીંઢોળા ચાર રસ્તા, બારડોલી જિ.સુરત.

સુરત મેઘવાળ સમાજ એજયુકેશન ટ્રસ્ટ

રજી. નં. ઈ-૪૩૮૫, સુરત. તા.૧૭/૭/૯૯
કાર્યાલય: પ્લોટ નં. ૧૦, જી-૧, શ્રી ભાગ્યલક્ષ્મી રેસિડેન્સી, ગણેશ મંદિર સામે, સિંગણપોર ગામ, સુરત.

-: વાર્ષિક સામાન્ય સભા પરિપત્ર ::-

સુરત મેઘવાળ સમાજ એજયુકેશન ટ્રસ્ટના તમામ આજીવન સભાસદોને જણાવવાનું કે ટ્રસ્ટની ૨૦૨૪-૨૦૨૫ ની વાર્ષિક સાધારણ સભા તા.૨૨-૦૩-૨૦૨૬ ને રવિવારનાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે ''વીર મેઘ-મહાર ભવન''ની વાડી, બહુચરનગર, વેડરોડ, સુરત ખાતે નીચે જણાવેલ કાર્યો અંગે મળશે. તો સર્વે સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

:: સભાની કાર્યસૂચિ ::

(૧) ગત સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલી આપવા બાબત. (૨) ટ્રસ્ટના વાર્ષિક અહેવાલને વાંચનમાં લઈ બહાલી આપવા બાબત. (૩) સને ૨૦૨૪-૨૦૨૫ ના ટ્રસ્ટના ઓડિટ કરેલા વાર્ષિક હિસાબોને વાંચનમાં લઈ બહાલી આપવા બાબત. (૪) ટ્રસ્ટના હિસાબી કામ માટે ઓડીટરની નિમણૂંક કરવા બાબત. (૫) અવસાન પામેલ સભાસદોના નામ આજીવન સભ્યપદેથી રદ કરવા બાબત. (૬) ટ્રસ્ટના નવા ટ્રસ્ટી મંડળની બંધારણ મુજબ ચુંટણી / નિમણૂંક કરવા બાબત. (૭) અધ્યક્ષ સ્થાનેથી રજૂ થતા પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

હંસાબેન અણજારા - પ્રમુખ મોહનભાઈ પરમાર - મંત્રી

ખાસ નોંધ : જે આજીવન સભાસદોએ ઓળખકાર્ડ બનાવવા માટે માહિતી આપી નથી તેઓએ તેમની માહિતી સત્વરે ટ્રસ્ટના પ્રમુખ, મંત્રી કે પોતાના ગામોટીને પહોંચાડવા વિનંતી.

જાહેર નોટીસ વિરૂધ્ધ જાહેર જવાબ તથા વળતી જાહેર ચેતવણી

જત, સુરત ડીસ્ટ્રીકટ, તા.મજુરા, મોજે : વેસુના બ્લોક નં.૧૮૨/૧/૨ પૈકી થી નોંધાયેલી જમીન બાબતે તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ એડવોકેટશ્રી સુરેશભાઈ સાદકવાલા ધ્વારા જે ગુજરાત મિત્ર દૈનિક વર્તમાનપત્રમાં વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. તે જાહેર નોટીસ તદ્દન ખોટી, સત્યથી વેગળી અને જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી છે. સદર નોટીસવાળી બ્લોક નં.૧૮૨/૧/૨ વાળી જમીન મુળ બ્લોક નં.૧૮૨/૧ માંથી છુટી પાડવામાં આવેલ. જે મુળ સર્વે નં.૨૯૫ તથા નવો બ્લોક નં.૧૮૨/૧ વાળી જમીનમાં મારા અસીલના મર્હુમ માતૃશ્રી લક્ષ્મીબેન તે મગનભાઈ દયાળભાઈ પટેલનો ૧/૭ અગરતો કાયદા મુજબ લાગુ વણવહેંચાયેલ હિસ્સો ચાલી આવેલ છે. જે અમારા અસીલના માતૃશ્રી ધ્વારા તેવી સંપુર્ણ બ્લોક નં.૧૮૨/૧ વાળી જમીન કે તે પૈકીના ભાગની જમીનમાં લાગુ તેણીનો હિસ્સો હરકોઈ પ્રકારે વેચાણ કે અન્ય રીતે તબદીલ કરેલ નથી. તેમ છતાં પણ કેટલાક ઈસમો ધ્વારા મારા અસીલના માતૃશ્રીની અજ્ઞાનતા તથા ભોળપણનો ગેરલાભ લઈ અગરતો લક્ષ્મીબેનના નામે બોગસ તથા બનાવટી લેખો ઉભા કરી ત્રાહિત ઈસમને વેચાણ કરેલ હોવાનું મારા અસીલોને હાલમાં ઉપરોકત જાહેર નોટીસથી જાણવા મળેલ છે. જેથી મારા અસીલ ઉપરોકત સંપુર્ણ બ્લોક નં. ૧૮૨/૧ અગરતો તેમાંથી વિભાજીત કરેલ બ્લોક નંબરવાળી જમીન તથા તેવી જમીન સંદર્ભે ઉભા કરવામાં આવેલ હરકોઈ પ્રકારના રજી.વેચાણ દસ્તાવેજો કે લખાણો તથા કરારો રદ બાતલ કરાવવાની કાયદેસરની કાર્યવાહી તથા જવાબદાર ઈસમો વિરૂધ્ધ સખ્ત ફોજદારી કાર્યવાહી શરૂ કરેલ છે. જેથી ઉપરોકત જમીન સંદર્ભે કોઈપણ ઈસમોએ (૧) બાબુભાઈ મગનભાઈ પટેલ (૨) રમેશભાઈ મગનભાઈ પટેલ (૩) ઓમ પ્રકાશ ઘનશ્યામદાસ કટારીયા (૪) વિજયભાઈ રમેશભાઈ કટારીયા કે તેઓ થકી હકક કરનાર કોઈપણ ઈસમ સાથે કોઈપણ પ્રકારે વેચાણ, વહીવટ કે વ્યવસ્થાના વ્યવહારો કરવા, કરાવવા નહી. તેમ છતાં પણ આ નોટીસની અવગણના કરી કોઈપણ જાતના વ્યવહારો કરવામાં આવશે તો તેવા ઈસમોને જમીનમાં તકરાર સિવાય અન્ય કોઈપણ લાભ થશે નહી અને તેવા સંજોગોમાં નાછુટકે તેવા ઈસમ વિરૂધ્ધ દિવાની તેમજ ફોજદારી રાહે સખ્ત કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે. જે કાર્યવાહીમાં થનાર ખર્ચ તથા પરિણામની સંપુર્ણ જવાબદારી જેતે ઈસમના શીરે રહેશે. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

સહી : સોનલબેન. બી. પટેલ રીટાબેન એસ પટેલ જયાબેન. એ. પટેલ

OFF.:
203/204, MILESTONE ELEMENTS,
NEXT TO ISCON MALL,
ABOVE WHITE CROW, PIPLOD, SURAT.
MOB.: 98790 71605

મિનેષ સી. ગજીવાલા
તે સોનલબેન, રીટાબેન, જયાબેન તે લક્ષ્મીબેન પટેલની દિકરીના એડવોકેટ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર
SGCCI
SURAT INTERNATIONAL 7th Edition auto expo
વિઝિટર રજીસ્ટ્રેશન
POWERED BY Mobil
રફતાર અને નવી ટેકનોલોજીનો ભવ્ય ઉત્સવ
૧૩ માર્ચ ૨૦૨૬, બપોરે ૧.૦૦ થી સાંજે ૭.૦૦ । ૧૪ થી ૧૬ માર્ચ ૨૦૨૬, સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦
સ્થળ : સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત.
વધુ માહિતી માટે સંપર્ક કરો +૯૧ ૯૦